R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 17 •ISSUE: 38 DATE: 21-09-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭




## સીરીયા પર લશ્કરી પગલુ પ્રશ્નનો ઉકેલ નથી શાંતિ સ્થાપવા રાજકીય હલ શોધો :ચર્ચ લીડર્સ

સીરીયા, રશિયા,યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરીકા અને યુરોપના ચર્ચ લીડરોએ જણાવ્યું હતું કે સીરીયાનો પ્રશ્ન હલ કરવા માટે લશ્કરી પગલું હિતાવહ નથી પરંતુ તેનો રાજકીય હલ શોધી કાઢવો જોઈએ.આ આ મારફતે ત્યાં શાંતિ સ્થપાય તે જોવું જોઈએ.તેઓએ વિનંતી કરી હતી કે સીરીયાની સામાન્ય જનતાનો દર્દનાક અવાજ સાંભળો અને ત્યાં ચાલી રહેલ સીવીલ વોરમાં અત્યાર સુધીમાં એકલાખથી વધુ લોકોની હિંસા કરવામાં આવી છે તેમજ બે મીલીયનથી વધુ લોકો તેમના ઘરો મુકીને સલામતી માટે દેશ છોડી ગયા છે.

આ ટીપણણી ઈકુમીનેકલ ઈન્સ્ટીટયુટ, જીનીવા,સ્વીઝરલેન્ડ ખાતે મળેલ મીટીંગ બાદ કરવામાં આવી હતી.જેમાં કોફી અનાન,ભુતપુર્વ યુનાઇટેડ નેશન્સના જનરલ સેક્રટરી,લખદાર બ્રાહીમી,યુએન આરબ લીગ,જોઈન્ટ રીપ્રેઝન્ટેટીવ ફોર સીરીયા એકઠા મળ્યા હતા.આ મીટીંગનું આયોજન વર્લ્ડ કાઉન્સીલ ઓફ ચર્ચીસ દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં સીરીયાની હાલની પરિસ્થિતિમાં ચર્ચનો શું રોલ હોઈ શકે તે બાબતે ચર્ચા કરવાનો હતો.રેવ.ડો.ઓલેવ ફાયકેસી ટ્વીટ,ડબલ્યુ સીસી,જનરલ સેક્ટરી,સીરીયામાં એક શાંતિ કરાર કરવા માટે તૈયારી કરી રહ્યા છે.તેમણે જણાવ્યું હતું કે શાંતિના પ્રયત્નો નિષ્ફળ જવા જોઈએ નહી.જ્યારે હજારો લોકો મૃત્યુના મુખમાં હોમાઇ ગયા છે. ત્યારે શાંતિ અનિવાર્ય બની છે.તેમણે જણાવ્યું હતું કે ઈન્ટરનેશનલ કોમ્યુનીટી તથા બધી પાર્ટીઓ જેઓ સીરીયામાં ચાલી રહેલ લડાઈમાં શાંતિ સ્થપાય માટેની જવાબદારી સ્વીકારવી જોઈએ અને તે માટેના ભરપુર પ્રયત્નો કરવા જોઈએ.અને ચર્ચોએ આ બધામાં પોતાનો સાથ અને સહકાર પુરો પાડવો જોઈએ.

મીટીંગ બાદ જારી કરવામાં આવેલ યાદીમાં જણાવાયું હતું કે ચર્ચોએ તેમનો અવાજ બુલંદ બનાવવો પડશે.તેમના તાબામાં રહેલ તમામ સ્થાનો પર,તેમની સોસાયટીઓમાં, અને તેમની સરકારોમાં સીરીયામાં શાંતિ સ્થપાય માટેના પ્રયત્નોમાં સહકાર મેળવી આપવો પડશે.આપણે જાહેર જનમત કેળવવો પડશે જેથી માનવતાની માવજત કરી શકાય.માનવતાનો હેતુ એ ચર્ચ માટેની આવશયકતા છે,ચર્ચનું મિશન છે તેમજ જે લોકો યાતનાઓ ભોગવી રહ્યા છે તેમના માટે લાગણી બતાવવાનો વિષય છે.

તેમણે ઉમેર્યું હતું કે લશ્કરી પગલું સીરીયાની પરિસ્થિતિને ઠાળે પાડવા માટે જરુરી નથી, તેવું અમે માનીએ છીએ.અત્યારે એવો સમય છે કે ઈન્ટરનેશનલ કોમ્યુનીટીએ જવાબદારી સ્વીકારીને હિંસા અટકે તે માટે રાજકીય હલ ઉભો કરવો જોઈએ.અને સીરીયાના લોકો માટે શાંતિ ઉભી થાય તેમ કરવું જોઈએ.મી.અનાને કહ્યું હતું કે સીરીયાના ચર્ચો લશ્કરી પગલાંની વિરુધ્ધ છે.




ઈજીપ્તમાં કોપ્ટીક ક્રિશ્ચિયનોની થઈ રહેલ વ્યાપક હિંસા સામે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનકારી તેમનો વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે.

## પોપ ફ્રાન્સીસે આપેલ ઇન્ટરવ્યુમાં સામાજીક દ્રષ્ટિકોણ અપનાવવા પોતાનો અભિપ્રાય પ્રદર્શિત કર્યો



રેવ એન્ટોનીયો સ્પેડારો, એડીટર,લા સીવીલટા કેટોલીકાને આપેલ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે તેઓ એમ માનતા નથી કે ચર્ચે માત્ર ગરમા ગરમ મુદ્દાઓ પર પોતાનું ધ્યાન કેન્દ્રીત કરવું કે તે માટે પોતાના નિવેદનો આપવા.આપણે માત્ર ગર્ભપાત,સજાતીય લગ્નો, કે કુટુંબનિયોજનના સાધનોનો વપરાશ જેવી બાબતો પર આપણું ધ્યાન કેન્દ્રીત કરવાનું નથી.અને આપણા માટે આ બધું શક્ય નથી.તેવું તેમણે મુલાકાત દરમિયાન જણાવ્યું હતું.

મે આ વિષયો બાબતે કંઈક પણ વિશેષ ટીપ્પણી કે અભિપ્રાય આપ્યો નથી.હું કંઈ તે બાબતે ઢોંગ પણ કરતો નથી.પરંતુ જ્યારે આપણે આવા પ્રશ્નો બાબતે કંઈક બોલીએ છીએ ત્યારે આપણે તે વિષયને કંઈક અનુસંધાનમાં તેને કહેવું જોઈએ.તેમણે ચર્ચ બાબતે પણ જણાવ્યું હતું કે ચર્ચને પણ સામાજીક બાબતો સાથે નિસ્બત છે.પોતાની જાતને તેમણે ચર્ચના પુત્ર તરીકે ઓળખાવ્યા હતા.આ બાબતે ચર્ચનું શિક્ષણ એકદમ સ્પષ્ટ હોવું જરુરી છે,કે હું ચર્ચનો દીકરો છું.પરંતુ આ બાબતે હું સતત બોલતો રહુ તે પણ વ્યાજબી નથી.તેમણે એ પણ કહ્યું હતું કે રોમન કેથોલીક ચર્ચ ઓફીશયલ ડોકટરીન બુકમાં સજાતીય સબંધોનો વિરોધ કરવામાં આવ્યો છે.પરંતુ તેમણે ચર્ચને ગે અને લેસબીન લોકોને સ્વીકારવા અને તેમને માન આપવા અને તેમની લાગણીઓ સમજવા માટે જણાવ્યું હતું.



આર્ચ બિશપ,ચર્ચ ઓફ નાઈજીરીયા ઈગ્નીશીયસ કેટ્ટી તેમના પત્ની બીટરાઈસનું ઓગષ્ટ ૮ ના રોજ એલીમ,પોર્ટ હારકોર્ટ ખાતેથી અપહરણ કરવામાં આવ્યું હતું.તેમના પત્નીનો છુટકારો તુરત થયો હતો પરંતુ આર્ચ બિશપને મુક્ત કરાયા નહોતા,એન્ગ્લીકન કોમ્યુન ઓફીસ તરફથી તેમના છુટકારા બાબતે પુષ્ટી કરવામાં આવી હતી.આર્ચબિશપ નાઈજર ડેલ્ટા પ્રોવીન્સ ખાતેના છે ત્યાં અપહરણ કરીને ખંડણી લેવાની પ્રથા પડી ગઈ છે.પરંતુ પોલીસ સમાચારો મુજબ તેમને કોઈપણ નાણાંકીય લેવડદેવડ વગર છોડી મુકવામાં આવ્યા હતા.તેમના અપહરણને નાઈજીરીયા પ્રમુખે પણ વખોડી કાઢ્યું હતું.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક **http://facebook.com/robin.dholakia** ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઉત્તરપ્રદેશના મુઝફરનગરમાં થયેલા કોમી તોફાનોમાં મહદઅંશે રાજકીય પક્ષોના આગેવાનો સંકળાયેલા છે. તેમણે કોમી રમખાણોમાં પોતાના વ્યકત્વ આપીને આગ ચાંપવાનુ કામ કર્યું હતું તેવું ત્યાંની પોલીસ રીપોર્ટમાં જણાવાયું છે અને તે આધારે કોર્ટે ભાજપ, બસપા,કોગ્રેસ વિગેરેના આગેવાનો સામે વોરંટ જારી કર્યા છે.તોફાનો બાદ ઘણા લોકો ગામ છોડીને ચાલ્યા ગયા છે અને અનેક લોકો શરણાર્થી શિબિરોમાં હાલમાં રહે છે.સરકારે આ નેતાઓની ધરપકડ કરવાની શરુઆત કરી તે પહેલાં ભારતીય જનતા પાર્ટીના આગેવાન ગણાતા ઉમા ભારતીએ ધરપકડના વિરોધમાં યુ.પી.માં પરિસ્થિતિ વધુ ખરાબ કરવાની ધમકી આપી છે.એક તો કોમી રમખાણો કરાવવા પાછળ જેઓનો હાથ છે તેમને પીઠબળ આપી આ નેતાઓ શું કહેવા માંગે છે. તેમને ફાવે તેમ દેશમાં કરવા દેવા, અને જયારે કાયદો તેનું કામ કરે ત્યારે તેને મનગડત રીતે રોકવો અને તેનો અનાદર કરવો. આ પક્ષને દેશનું સુકાન જોઈએ છે.જે દેશની જનતામાં ભાગલા પડાવવાની નીતિ અપનાવતો હોય,જે લોકોમાં અસલામતીની ભાવના ઉભી કરતો હોય તેવા આર્દશોનો સાથે કેવી રીતે લોકો જશે એ તેમણે વિચારવાની જરુર છે.માત્ર કોમી રમખાણો કરાવી અશાંતિ અને ભયનું વાતાવરણ ઉભુ કરીને યુપીમાં બહુમત મેળવી લેવાની પેરવી કરવી એ અસ્થાને છે.એક બાજુ ચુંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદી, મુસ્લીમ લોકોને આર્કષવા માટે અને ભાજપ ઉભી થયેલી કોમવાદી છાપ ભુંસવા માટેના અથાગ પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે આવા કેટલાક નેતાઓ ભાજપાની ગાડીમાં પંકચર પાડીને જંપશે એવું લાગી રહ્યું છે.જેમની વિચારસરણી કટ્ટરતાવાદને વરેલી હોય તેઓ તેના અસલી રુપ તો દેખાડવાના, કહેવત માં કહેવાયું છે કે કુતરાની પુંછડી ભોયમાં ભંડારો તોય લાંબા સમયે વાકી જ નીકળે.

## મંતવ્ય

આદિકાળથી જે પ્રાણીઓની માનવજાત દ્વારા પુજા કરવામાં આવતી હતી,ત્યારે અને અત્યારે એજ પ્રાણીઓને અન એમાં પણ ખાસ કરીને ગાયોને ગમે તે જગ્યાએ આપણે રઝળતી જોઈએ છીએ.જે ગાયોને માતાનું બિરુદ આપવામાં આવેલ છે તે જ ગાય ગમે ત્યાં ફરતી અને કચરો ખાતી નજરે પડે છે.

ખાસ કરીને આણંદના ગામડી ગામમાં તો આ ગાયો રસ્તા પર જ જોવા મળે છે.જેના દ્વારા ઘણા બધા અકસ્માતો થાય છે.પરંતુ હજુ સુધી ગામડાના સરપંચ કે કોઈ સભ્યને આ પ્રશ્ન હલ કરવા વિશે મનમાં વિચાર આવતો નથી.અને આ રીતે ગાયો ગમે ત્યાં રઝળતી ફરે છે.દિન પ્રતિદિન નાના મોટા અકસ્માતો થાય છે તો આ વિકટ પ્રશ્નને જો ગ્રામપંચાયત દ્વારા કે કોઈ પ્રજાજનો માંથી કોઈ હિંમતવાન વ્યક્તિ આગેવાની લઈને આ પ્રશ્ન હલ કરવા આગળ આવે તો સારુ.

પરમાર હિના એસ. પુષ્પવિહાર, ગામડી,આણંદ

અમદાવાદ શહેરમાં આવેલા ઓઢવ વિસ્તારમાં ઈગ્નાસપાર્ક સોસાયટીમાં પાણીની ખુબજ તંગી પડે છે. આ વિસ્તારમાં પાણી આવતું ન હોવાથી ત્યાંના લોકોને પાણી વગર ખુબજ મુશ્કેલીઓ પડે છે.આ શહેરના મ્યુ.કોરપો.ના સભ્યોએ પાણીની સમસ્યા હલ કરવા માટે તુરત કાર્યવાહી કરવી જોઈએ.તેવું આ સોસા.ના લોકો ઈચ્છી રહ્યા છે.

પરમાર પુનમ એન. ઓઢવ, અમદાવાદ

જાપાનમાં પહેલી ઓક્ટોમ્બર ઓફીસીયલ કોફીડે તરીકે મનાવાય છે.
કોફીનું વૃક્ષ ૬૦ થી ૭૦ વર્ષનું આયુંષ્ય ધરાવે છે.
વ્યક્તિ જ્યારે એક ડગલું ભરે ત્યારે તેના શરીરના બસો સ્નાયુઓ એકસાથે હલનચલન કરે છે.
મનુષ્યોના પગમાં ૨,૫૦,૦૦૦ પ્રકારની અંતઃશ્રાવી ગ્રંથીઓ આવેલી હોય છે.

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

# દુર્ગાશક્તિને બરતરફ કેમ કરી છે ?

ઉત્તરપ્રદેશના યુવાન આઈએએસ અધિકારી શ્રીમતી દુર્ગાશક્તિ નાગપાલને બરતરફ કરવામાં આવ્યા.દિલ્હી નજીકના નોઈડા વિસ્તારમાં જંગી આવાસ કોલોની બંધાઈ રહી છે. હિન્ડોન અને યમુના નદીના પટમાંથી માફીયા પરવાના વગર વરસે કરોડો રુપીયાની રેતી ખોદી જાય છે. નરેન્દ્ર ભાટી જેવા માફિયા સરકારમાં ઉચ્ચ સત્તા ભોગવે છે.સેવામાં તાજા જોડાયેલા દુર્ગાએ ભુમાફિયા અને રેતમાફિયાની સામે કોરડો વિંઝ્યો.છેલ્લા છ મહિનામાં ૧૦૪ રેત માફીયાની ધરપકડ કરી.૬૬ સામે એફઆઈઆર નોધાવી. ૮૧ વાહનો જપ્ત કર્યા.અગાઉ માફીયાને આવી ચેલેન્જ મળી નહોતી.કારણકે તેઓ જ સ્યંમ સત્તા છે.ભારતમાં ઘણા રાજ્યોમાં પ્રજાએ ચુંટેલા માફીયા માટે ચાલતી સરકારો છે.

ઉત્તર પ્રદેશમાં ધનમિટરે રેતી માટે ૩૩ રુપીયાની રોયલ્ટી પરવાના લે તો ચુકવવી પડે. રેતી ખનન માટે માત્ર ૧ જ લાયસન્સ અપાયું છે.પણ નદીના પટમાં ૨૫૦ જેસીબીથી વધુ મશીનો આખી રાત ધમધમતા હોય છે.એ બધા માટે દુર્ગા દુર્ગાશક્તિ બનીને આવી હતી. માફિયાના ધંધા બંધ થઈ રહ્યા હતા.અખિલેશની સરકારને આ પોસાય જ નહી. તેઓએ નક્કી કર્યું કે આ દુર્ગાના હાથમાંથી તલવાર છીનવી લેવી.ઉત્તરપ્રદેશમાં ભુમાફિયા પણ બેફામપણે આબાદ છે. વહીવટી તંત્ર, પોલીસ તંત્ર તેઓનું છે.સરકાર લુંટમાં સામેલ હોય ત્યારે સર્વોચ્ચ અદાલતનો ચુકાદો મજાક બની જાય છે.ધર્મના નામે ભુમાફિયાઓ મંદિરો,મસ્જીદો, સ્મશાન,કબ્રસ્તાન,ગૌચર, તળાવ, ટીલાની જમીનો વાળી લીધી છે.પગલાં ન લેવાનું સરકારને કારણ મળી રહે તે માટે તેના પર ધાર્મિક સ્થળ ચણી નાખે.દુર્ગાએ પેશકદમી હટાવીને ૧૫૦૦ એકર જમીન અને ૨૦ તળાવો સરકારનો પાછા અપાવ્યા છે.એ હજારો કરોડ રુપીયાની રોયલ્ટી સરકારને અપાવવા માંગતી હતી.સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટના હોદ્દાની રુએ આવા ગેરકાનુની બાંધકામો હટાવવાની જવાબદારી દુર્ગાશકિતની છે. ગ્રેટર નોઈડાના કાદલપુર-રાબુપુરા વિસ્તારમાં એક મસ્જીદનું ગેરકાયદે બાંધકામ ચાલી રહ્યુ હતુ.એ હટાવવા ગયા અને બંધાઈ રહેલી મસ્જીદની દિવાલ તોડી પાડી.દુર્ગાશક્તિને ભીડાવવાનું માફિયાઓને કારણ મળી ગયું. ધાર્મિક ભાવના ભડકી શકે છે એવું નહીં વિચારીને ફરજમાં લાપરવાહી દાખવવાનો આરોપ તેણી પર મુકાયો.કોઈપણ જાતની તપાસ કર્યા વગર અખિલેશ યાદવની સરકારે રાત્રિના એક વાગ્યે દુર્ગાને બરતરફનો હુકમ આપ્યો. બરતરફીના પહેલા પખવાડિયામાં જ તેમણે ૩૫ જેસીબી મશીન, ડમ્પર,મોટરકાર વગેરે જપ્ત કરી,૨૦ એફઆઈઆર નોધાવી હતી.તેમજ ૨૫ જણની ધરપકડ કરી હતી.દુર્ગા અચાનક રેડ પાડતાં અને તેમના વિશ્વાસુ ત્રણ અધિકારી સિવાય કોઈને તેની માહિતી મળતી નહોતી.આ પૈકીના એક ખાણ નિરિક્ષક આશીષ કુમારની પણ બદલી કરી નાંખવામાં આવી હતી.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ પોતે નિયમ વિરુધ્ધ વર્ત્યા છે.સરકારી કર્મચારીને કાયદેસરની ફરજ બજાવવા માટે સસ્પેન્ડ કરી શકાય.મુખ્યમંત્રી બિનસાંપ્રદાયિકતાના અંચળા હેઠળ કોમવાદી ખેલ ખેલી રહ્યા છે.દુર્ગાને સસ્પેન્ડ કર્યા બાદ નોઈડામાં રેતી ચોરવાનું કામ પુર્ણ ક્ષમતાથી ખીલી ઉઠ્યું છે.અગાઉ ઘણા અધિકારીઓ પર રેતી ચોરોએ મરણતોલ હુમલા કર્યા હતા પરતું હુમલાખોરો વિરુધ્ધ કોઈ કાર્યવાહી થઈ નથી. રાજનેતાઓને તો ગુંડાઓ જોઈએ છે.પૈસા અને મત માટે. ગુંડાઓ રાજનીતિમાં આવીને સન્માન અને વધુ નાણાં પ્રાપ્ત કરે છે.પણ પ્રજાને ગુંડા નેતાઓ શા માટે જોઈએ છે ?કારણો તો ઘણા જ. પણ પ્રમુખ કારણ એ છે કે એવરેજ પ્રજાનો માંહ્યલો ભ્રષ્ટ છે.આથી ઉલ્ટો ક્રમ શરુ થયો છે.જેમને બરતરફ કરવા જોઈએ તે રાજ કરે છે અને જેમનું રાજ હોવું જોઈએ તે બરતરફ થાય છે.દેશમાં છેલ્લા ૬૫ વર્ષોમાં અનેક અફસરો આવી ગયા.તો પણ ઈમાનદાર અધીકારીઓની યાદી લાંબી નથી.ખૈરનાર,જુલિયો રિબેરો, ,કિરણ બેદી, અરુણ ભાટીયા, દયાશંકર,અશોક ખેમકા,મીરા બારવણકર,અરવિંદ કેજરીવાલ અને બીજા ત્રણ ચાર ડઝન નામી અનામી અધીકારીઓ હશે. અનામીઓની સંખ્યા મોટી હશે.પણ તેઓ આગળ આવતાં ડરે છે. ઉપરના કોઈપણ અધિકારીને દેશની ભ્રષ્ટ વ્યવસ્થા તંત્રનો સારો અનુભવ નથી રહ્યો.

રાજનેતાઓ જાહેરમાં કૃત્યો અને વચનો દ્વારા પ્રમાણિકોને સજા કરવાનું ચુકતા નથી.તેમને ખબર છે કે પ્રજાનો આત્મા પણ ભ્રષ્ટ છે.અને જેમનો આત્મા શુધ્ધ છે તેમને ડરાવી દેવાય છે.


**વડોદરા ખાતે લવાજમ માટે સંપર્ક કરો**

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ, ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


અનુ. પાન નં ૩ ઉપરનું ચાલુ

આવો મુળભુત અધિકાર છીનવી લેતો કોઈ દેશ નથી.કોઈ હિંદુ નારી ખ્રિસ્તી યુવાન સાથે લગ્ન કરવા માંગતી હોય,બંને પરસ્પર સંમત હોય તો જુદો ધર્મ હોવાથી કલેકટરની પરવાનગી લેવી પડે.લગ્ન સંસ્કારમાં બધી સરકારની પરવાનગી લેવી પડે એ દેખીતુ ગેરવ્યાજબી નથી ?આથી સામાજિક વિકાસ તો રુંધાય છે પણ ધાર્મિક વિકાસ પણ રુંધાય છે.આંતરજ્ઞાતિય લગ્નને સરકાર પ્રોત્સાહન આપે છે પણ અહીં એ ભાવનાનો સદંતર ભંગ થાય છે.

તેથી આરજુપુર્વક આ લગ્નપ્રતિબંધક કાયદાનું બંધન વહેલી તકે દુર કરી આપો એવી જનસમુદાય તથા ખ્રિસ્તીઓની બુલંદ માંગણી છે.

ભારતનો અદનો નાગરિક

: અનિલ વાઘેલા,સામાજીક કર્મશીલ,નડીયાદ


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭
શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩
શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# તમારા બાળકને પ્રામાણિક બનાવવા શું કરશો ?

વ્યક્તિને જીવવા માટે હવા, પાણી અને ખોરાકની જરુર પડે છે.પણ સામાજિક પ્રાણી તરીકે વ્યક્તિને મુલવીએ તો દરેક વ્યક્તિ સમાજમાં રહીને ચોક્કસ મોભો મેળવવા ઇચ્છે છે.આ મોભો જ વ્યક્તને આંતરિક એ બાહ્ય આનંદ આપી શકે છે.આવો મોભો ક્યારે મળે ? કેટલાક વ્યક્તિ આવો મોભો કે સ્ટેટસ મેળવવા માટે પૈસા ભેગા કરે છે તો કોઇ વ્યક્તિ પ્રતિષ્ઠા એકઠી કરે છે.પણ આ બંનેમાંથી સાચો રસ્તો ક્યો ? આજે પણ ઘણાં વ્યક્તિ એવું માને છે કે પૈસો હોય તો બધું જ આવે,પ્રતિષ્ઠાને શું કરવાની ? ત્યારે જવાબ છે કે પૈસો હોય એટલે પ્રતિષ્ઠા આવે જ એવું માનવાની જરુર નથી.મોટેભાગે પૈસાને કારણે પ્રતિષ્ઠા જતી હોય છ.આમ છતાં આજના સમયની ભારતીય ઉપખંડની વાત કરીએ તો દુ:ખ સાથે કહેવું પડશે કે ભારતમાં મોટાભાગે જ્યાં પ્રતિષ્ઠા છે ત્યાં પૈસો નથી અને જ્યાં પૈસા છે ત્યાં પ્રતિષ્ઠા નથી.જેથી ઘણાં માણસો પૈસાની પાછળ દોટ મુકીને તેને જ ભગવાન અને સર્વસ્વ માનીને જીવવાનું પસંદ કરે છે.મોટાભાગના લોકોની માન્યતા તો એ જ છે કે પૈસા હશે તો લોકો બોલાવશે.પૈસો હશે તો પ્રતિષ્ઠા સ્થપાશે જ.પૈસો જ બધી બાબતોને ખેચી લાવશ.ત્યારે એવા લોકોની સામે દલીલ છે કે ભુતકાળને યાદ કરો. તમે ગાંધીજી,વલ્લભભાઇ પટેલ,અબ્રાહમ લિંકન, રાજા હરિશ્ચંદ્ર, મધર ટેરેસા વગેરેને ઓળખો છો.ભલે તેઓ આજે આ દુનિયામાં નથી. અને તેમને તમે જોયા પણ નથી.તેમના વિશે ઘણું જાણો છો.અહીં એક પ્રશ્ન કરું કે તેમે આ લોકોને શા કારણથી જાણો છો કે ઓળખો છો?તે લોકો પાસે પૈસા હતા, હજુ તમે યાદ કરશો તો આવા બે ત્રણ નહી પણ અનેક નામો તમારી સામે આવશે.હવે એવા નામ યાદ કરો કે જે આજે દુનિયામાં નથી, પણ ખુબ જ પૈસાદાર હતા. કેટલા નામ તમને યાદ છે ? કદાચ એક પણ નહી .આવું કેમ ? લોકો કોને યાદ કરે છે. અને કોને યાદ રાખે છે. પૈસાદારને કે પ્રતિષ્ઠાદારને, શું મોટું કે મહાન, શું કમાવું જોઇએ,પૈસા કે પ્રતિષ્ઠા. પણ આ પ્રતિષ્ઠા પૈસાથી નહીં આવે.પ્રામાણિકતા હશે તો સો ટકા આવશે.માટે જ તમારા બાળકને પૈસાદાર બનાવવા કરતાં પ્રામાણિકતાવાન બનાવવા માટે પ્રયત્ન કરવો જોઇએ.તો બાળકને પ્રામાણિક બનાવવા વાલી તરીકે તમે શું કરી શકો ? એ માટેના કેટલાક વર્તન વ્યવહાર કે ક્રિયાઓ કે પ્રવૃતિઓ અહીં રજુ કરું છું.

બાળકની સામે હંમેશા પ્રામાણિક બનીને જ વર્તન કરો. બાળકની હાજરીમાં ક્યારેય અપ્રામાણિકતાભર્યું વર્તન ન કરો કે વચન ન બોલો.પોતાના બાળકને પ્રામાણિકતા વિકસાવી શકે તેવા પુસ્તક અને સામાયિકોનું વાંચન કરાવવું. ઘરમાં સમુહ પ્રાર્થના કે ચર્ચા કરાવવા, બાળકો સાથે દરરોજ ઓછામાં ઓછા અડધો કલાક ફાળવવો અને વિવિધ ચર્ચાઓ કરવી, બાળકને પહેલા પ્રોત્સાહન આપો. પછી શીખામણ આપો, વાલીએ પોતે બાળક માટે આર્દશ બનવું. કોઇ અયોગ્ય ઘટનાની ચર્ચા બાળકની હાજરીમાં ન કરવી. બાળક કોઇ પ્રમાણિકતાભર્યું વર્તન કરે તો તેને બિરદાવવો અને તેની વાત પડોશમાં પણ કરવી. સગા કે પરિચિત વ્યક્તિએ પ્રમાણિકતા દાખવી હોય તો તેની ચર્ચા ઘરમાં બાળો સાથ અવશ્યપણે કરવી જે પ્રેરણા આપી શકે.પડોશમાં કે પરિચિત કોઇ બાળકે પ્રમાણિકતાનું ઉદાહરણ પુરુ પાડ્યું હોય તો તેન પોતાના બાળકની હાજરીમાં બિરદાવવા. સમાજમાં પ્રમાણિકતાનું ઉદાહરણ પુરુ પાડનારની રુબરુ મુલાકાત લેવી જો તે શક્ય ન હોય તો ત્યારે પત્ર દ્વારા પણ જે તે વ્યક્તિને અભિનંદન પાઠવવા.બાળકોને અપ્રમાણિક વ્યક્તિઓથી દુર રાખવા.ટીવીના કોઇ કાર્યક્રમો કે સમાચારપત્રમાં આવેલ ઘટના પર ઘરમાં ચર્ચા કરો.શાળા જ્યારે આમંત્રણ આપે ત્યારે શાળામાં અચુક જવું.શિક્ષકે મૌખિક કે લેખિત કોઇ સુચન કરેલ હોય કે માહિતી આપી હોય તો તેના પર વિચારણા કરવી અને તેનો અમલ કરવો.ઉપરાંત કેટલીક વાર્તાઓ કે મહાન વ્યક્તિઓના ઉદાહરણો વારંવાર સંભળાવો જેમકે ગાંધીજીના અનેક ઉદાહરણો.

તમારુ બાળક પ્રમાણિક છે કે નહી કે કેવી રીતે જાણી શકાય. આ જાણવાના અનેક રસ્તા છે, જેમકે માતપિતા અને વડીલોની આજ્ઞાનુ પાલન કરે, ઘરમા પોતાનું કામ જાતે કરે, ઘરના સભ્યો માટે મદદની ભાવના રાખે, ઘરના સભ્યો સાથે અવારનવાર ચર્ચા કરે,કોઇ બાબત જાણ, સમજે,પડોશી પ્રત્યે સદ્ભાવના રાખે, પાડોશીને માન આપે,ઘરના સભ્યોની સાથે રહીને કામ કરે,ચર્ચા કરે.ઘરમાં સ્વચ્છતા રાખે અને રખાવે, ઘરના કે પાડોશી સભ્યોની સારી બાબતોમાંથી પ્રેરણા મેળવે અને તે મુજબ વર્તન કરે.પોતાના આચરણ થકી નાના ભાઇ-બહેનોને પ્રેરણા પુરી પાડે. ઘરના વડીલોના જીવનના અનુભવો જાણે અને સારી બાબતો માટે ગૌરવ અનુભવે તેમજ તેને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે. ઘરમાં થતાં મતભેદો વખતે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે નમ્રતાથી જણાવે. પોતાની આસપાસ થતા ઝગડાઓથી દુર રહે,અન્યની સેવા કરે તેમજ પોતાના પૈસાથી દાન કરે, પોતાના વારસાનું જતન કરે અને ગૌરવ અનુભવે.પોતાની જવાબદારી પુરી કરે.પોતે કરેલ કામની જવાબદારી સ્વીકારે.બીજા પર આરોપ ના મુકે, અન્યને સારુ લગાડવા માટે નહી, પણ પોતાની ફરજના ભાગરુપે કામ કરે, મુખ્ય વ્યક્તિની ગેરહાજરીમાં પણ પોતાની જવાબદારી સ્વીકારે. ઘરમાં બનેલ કોઇ બનાવનો વિરોધ કરવા જેવો લાગે તો યોગ્ય વિરોધ કરે, ઘરમાં કોઇએ સારુ કામ કર્યું હોય તો તેને અભિનંદન આપે.ઘરબહાર પણ કેટલીક પ્રવૃતિઓ કરે. જેમકે સમાજમાં જોવા મળતી નકારાત્મક બાબતોથી દુર રહે અને શક્ય હોય ત્યો વિરોધ કરે.સમાજમાં બનતી હકારાત્મક બાબતોને અપનાવે, સમાજમાં થતાં સારા કામને બિરદાવે,જાહેર મિલ્કતને સાચવે,જાહેર સેવાઓનો દુરપયોગ ના કરે, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લે, સામાજિક કાર્યોમાં જોડાય.પારકી વસ્તુ પર પોતાનો હક્ક ના જમાવે.અન્ય બિનપરિચિત વ્યક્તિ સાથે અનુકુળતા સાથે નમ્રતાભર્યુ વર્તન કરે.પરિવાર જેવું વર્તન પડોશમાં પણ મોટાને માન આપે અને નાનાને માર્ગદરશન આપે,બીજાનો વિચાર કરે, સામાજિક સંસ્થાઓની વારંવાર મુલાકાત લે.કુદરતી આપત્તિ બખતે લોકોને મદદ કરવા ઘરાના સભ્યોને સમજાવે અને પોત પણ મદદ કરે.નિયમોનો ભંગ કરનારને રોકો, નિયમોનું ચુસ્ત પાલન કરે. વિગેરે.

ડો. અશોક પટેલ
(સૌ. સંદેશ)

# ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ખુલ્લો પત્ર

ગુજરાત સરકારના સતત ત્રણ વખત લોકોના પ્રેમવિનિયોગથી ચુંટાતા,આવતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની નિશ્રામાં સાદર.

આનંદ ને ગૌરવની લાગણી સાથે ગુજરાતનો ને ભારતીય નાગરિકનો મોભો ધરાવતાં એક અદના નાગરિક આપને નમ્રતાપુર્વક અરજ કરે છે કે ભારત એક બીનસાંપ્રદાયિક દેશ છે. વિશ્વમાં તેની સર્વશ્રેષ્ઠ લોકશાહી દેશ તરીકેની પિછાણ છે ને દરેક દેશ તેને બિનસાંપ્રદાયિક દેશ તરીકે પીછે પણ છે. હિંદુધર્મ વિશેની ઉડીને હૃદયમંગ છબી છે. બીનહિંદુ છતાં હિંદુસંસ્કાર તો દરેક ભારતવાસી હૃદયોમાં પડેલા છે જ. હિંદુ સિવાયના કોઇ અન્ય ધર્મો ઇસ્લામ,ખ્રિસ્તી,બૌધ્ધ એ સૌ પોતાના ધર્મને અંતરથી ભલે વફાદાર રહ્યા ,પોતાના તીર્થધામો પ્રતિ ભલે ઉંડી આસ્થા ધરાવતા હોય,પણ પોતાના સિધ્ધાંન્તો કે ધર્મ દેશ પર લાદી દઇને પોતાનું વર્ચસ્વ જમાવવા પ્રવૃત થયો નથી. એટલી ભારતીય નાગરિક પર પ્રતીતિ રાખવી જ જોઇએ.તથા કોઇ ધર્મશ્રધ્ધાળુઓએ રાષ્ટ્રદ્રોહ કર્યાનું પણ જાણમાં નથી. હા,કેટલાંક પ્રત્યાધાતી પરિબળો છે ખરાં, પણ તે સ્વધર્મ સ્થાપિત કરવા,બળજબરીથી થોપી દેવા નહીં,ને એવા રાષ્ટ્રદ્રોહ તત્વોને જેર કરવા તો કડક કાયદાઓ અસ્તિત્વમાં છે જ. એટલે બધા જ ધર્મો લોકશાહી માટે કે હિંદુધર્મ માટે ખતરારુપ છે એમ મનાય નહિં.હા, કડક બંદોબસ્ત રાખવા જરુી છે પણ લઘુમતિ ધર્મો પર કાયદાકીય પ્રતિબંધો મુકવામાં આવ્યો છે તે ભારતીય નાગરિક તરીકે અન્યાયયુક્ત છે.

ખ્રિસ્તી ધર્માંતરના ઉપજાઉ આક્ષેપો બધા જ સાચા નથી,અમુકોને તો આ ધર્માંતર વિરુધ્ધ બોલવાની ફેશન થઇ પડી છે.તેઓ ખ્રિસ્તીધર્મની હરેક પ્રવૃત્તિઓને શંકાની નજરે જ જુએ છે.ને બધાજ આક્ષેપો તપાસ કર્યા વગર જ સ્વીકારી લે છે. અંધારામાં કરેલા પાપ છુપાવવા સિસ્ટરોના ઝાંપામાં જીવતો માનવપિંડ મુકી જતા હોય છે.તે નહી સ્વીકારતાં બીજાના માથે બોજ મુકી જાય છે.સવારમાં ઉઠતાં પક્ષીઓના કલરવના બદલે નવજાત શિશુની ચીસો સંભળાતા ક્યો માનવી કઠોર બની શકે !સિસ્ટરો અને ટાઢતાપ,વરસાદમાં વિલુપ્તથવા દેતાં નથી ને માતૃત્વની ખોટ પુરી કરે છે. આમાં ધર્માંતરની બુ દેખાય છે ? આવા આરોપોની બીકથી ખ્રિસ્તી બનવા માંગતાને ધર્મગુરુઓ ચોક્ખી ના પાડી દે છે. એક હિંદુ સંગઠને બાઇબલો વહેંચીને ફોટા પડાવી પેપરોમાં બહાર પાડવાનું ગોઠવ્યું હતું. પણ પકડાઇ જતાં બંધ રહ્યુ (આ બનેલો બનાવ છે.)

સાવ બેબસ કંગાળ,વંચિત,લુલા, લંગડા, અંધ, વૃધ્ધો એવા બહિષ્કૃતોની સેવા તે પણ ધર્માંતર માટે છે ! આવા કંગાળો ધર્મ બદલનીને દેશને શું નુકશાન કરી શકવાના છે ? ને દેશનું ભલું પણ શું કરી શકવાના છે ! સંન્યાસીઓને આવા દરિદ્રોની એટલી બધી તે શી પડી છે કે આવો બોજ વેંઢારે ! એના બદલે જેઓને ધર્માંતરની બીક રહેતી હોય તેઓ આવા લોકોનો હવાલો લઇ શકે છે તેમને પ્રેમ,હુંફ,કેળવની આપી શકે છે.

એટલે જ દુ:ખદાયી મનોદશામાં લખું છું કે ખ્રિસ્તીઓ પર લગ્ન અંગેના કાયદાઓથી જે અંકુશ મુકવામાં આવેલ છે તે દુર કરી આપવો જોઇએ. તો જ લઘુમતી ધર્મી આપને મુખ્યમંત્રી તરીકે યોગ્ય માનપાન આપશે.બંધારણ તો બીનસાંપ્રદાયિક છે પણ આપ ખ્રિસ્તીઓ પર થોપેલું આ બંધન વહેલી તકે દુર કરી આપશો. આ તો લાગે છે કે બંગલામાં ખ્રિસ્તીઓને નજરકેદ રાખ્યા છે.ધર્મસ્વાતંત્રતાનો ખ્રિસ્તીઓનો અધિકાર આપની સરકારે છીનવી લીધો છે.જગતમાં

અનુ પાન નં. ૩ ઉપર

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે
૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ, મેરેજ રજીસ્ટાર, કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા, નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# સીરીયામાં આવેલ ઓર્થોડોક્સ ચર્ચ ને કટ્ટરવાદીઓએ તોડી પાડયુ.



ધ એન્ટીયોચીયાન ઓર્થોડોક્સ ચર્ચ,સેંટ સીરગીસ બચુસ,જે થવરાહનું એક માનીતું સ્થળ હતું.અસારીયન ન્યુઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે ધ ફ્રિ સીરીયન આર્મા દ્વારા આ ચર્ચ તોડી પાડવામાં આવ્યું હતું.એક શરણાર્થીના જણાવ્યા પ્રમાણે ચર્ચમાંથી બાયબલો,પડદાઓ,તેમજ અન્ય ધાર્મિક પુસ્તકો ફાડી નાંખવામાં આવ્યા હતા.ક્રોસીસ,ખુરશીઓ,જીસસની પ્રતિમાઓ તેમજ અન્ય સંતોની પ્રતિમાઓ તોડી નાંખવામાં આવી હતી.ઈલેક્ટ્રીકનો સામાન,ચોરી ગયા હતા.ચર્ચમાં વેચાઈ શકે તેવું બધું જ સરીયન આર્મીના લોકો ચોરી ગયા હતા.હવે ત્યાં કશું જ નથી.

એસારીયન ન્યુઝ એજન્સીના જણાવ્યા પ્રમાણે હવે ખ્રિસ્તીઓ માટે આ વિસ્તારમાં કોઈ આશા નથી કે તેઓ પાછા ફરી શકે. અને ત્યાં રહી શકે.એક શરણાર્થીએ જણાવ્યું હતું કે અમોએ અમારુ બધુ ગુમાવ્યું છે.કશું જ બચ્યું નથી.અમોને અહીંયાથી સલામત રીતે નીકળવા માટે ,અને સલામત દેશ સેટલ થવા માટે મદદ જોઈએ છે.

## જાણવા જેવું !

જ્યારે કાચ તુટે છે ત્યારે તેની તુટવાની ઝડપ ૩૦૦૦ પ્રતિ કલાકની હોય છે
મેડીકલ શાખામાં શરદીનો પ્રથમ કેસ ૧૯૧૧માં ઈગ્લેન્ડમાં નોધાયો હતો.
જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.
મનુષ્યના ગળામાં રહેલા કાકડા રબર બોલ કરતાં વધુ ઉંચા ઉછળી શકે છે પરંતુ આ પ્રક્રિયા માત્ર ૩૦ મીનીટ સુધી જ થઈ શકે છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

★ **નીલા ફાઇનાન્સ** ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# આંધ્રપ્રદેશમાં ખ્રિસ્તી મહિલાઓની ધર્માંતરના બહાને જાહેરમાં હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા સતાવણી

ઈન્ડીયન ગોસ્પલ ફોર એશીયા સ્પોન્સર્ડ,વુમન ફેલીશીપની પાંચ મહીલાઓ સુવાર્તા પ્રચાર માટે નીકળી હતી અને તેઓ બજારમાં દુકાનદારો સાથે વાતચીત કરતી હતી અને તેમને સુવાર્તા વહેચતી હતી.આ સમયે કેટલાક કટ્ટરવાદી હિંદુ લોકોએ આ પાંચ મહીલાઓને જાહેરમાં ગાલ ઉપર,મો ઉપર,કાન ઉપર તમાચાઓ માર્યા હતા પરંતુ જાહેર કોઈપણ વ્યક્તિ તેમની મદદે આવ્યા નહોતા.આ પાંચ મહીલાઓમાં બનારસી,જલાંધી,કાઈલ,સુનીતા અને વિવેકા હતા.તેઓ ઈન્ડીયન ગોસ્પલ ફોર એશીયા સ્પોન્સર્ડ,વુમન ફેલોશીપ માટે કાર્ય કરે છે.આંધ્ર પ્રદેશમાં બનેલી આ ઘટનાએ ફરીથી એકવાર હિંદુ કટ્ટરવાદીઓની પ્રવૃત્તિને ખુલ્લી કરી દીધી છે.હાલમાં



દક્ષિણ ભારતમાં જે રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર અસ્તિત્વ ધરાવે છે તે રાજ્યોમાં લઘુમતિઓની સતાવણી ખુબજ પ્રમાણમાં વધી રહી છે.પરંતુ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ પરિસ્થિતિમાં તેમના લોકોનું તેઓ રક્ષણ કરે.

# ઇગ્લીંસ હેરીટેજ એવોર્ડ માટે જુના ત્યજાયેલા ચર્ચોનું લીસ્ટ તૈયાર થશે

એક સદી જેટલા સમયથી પડી રહેલા ઐતિહાસિક ચર્ચોનું લીસ્ટ તૈયાર કરવામાં આવી રહ્યું છે.આ લીસ્ટ ઇગ્લીસ હેરીટેજ એવોર્ડ માટે તૈયાર કરવામાં આવી રહ્યું છે.

આ તસવીરમાં દર્શાવાયેલ સેંટ અલકમુન્ડ શ્રુસબરી,શ્રોપશાયરમાં ૧૭૯૪માં બંધાયેલ હતું.અને તેને બીજા ગ્રેડમાં મુકવામાં આવેલ છે.૨૦૦૦ની સાલમાં તેને રીપેર કરવાની જરુરીયાત ઉભી થઈ હતી.તેની છતમાંથી પાણી પડતું હતું.તેની બારીઓ રીપેરીંગ માંગતી હતી.એક લાખ પચાસ હજાર પાઉન્ડના ખર્ચે આ બારીઓની મરામત કરવામાં આવી હતી.ટોયલેટ અને કીચનની વ્યવસ્થા તેમાં ઉમેરવામાં આવી હતી.જેથી તેનો સામાજીક ઉપયોગ પણ થઈ શકે.તેનું ઈન્ટીરીયર ડેકોરેશન પણ કરવામાં આવ્યું હતું.આ માટે નાણાંકીય વ્યવસ્થા પ્રીસ્ટ અને પેરીશર દ્વારા ઉભી કરવામાં આવી હતી આ રીનોવેશનનો કુલ ખર્ચ ૧ મીલીયન પાઉન્ડ જેટલો આંકવામાં આવ્યો



હતો.ઈગ્લીસ હેરીટેજ દ્વારા પાંચ લાખ પાઉન્ડની મદદ કરવામાં આવી હતી.

આ બધાનું પરિણામ એ આવ્યું છે કે સેંટ અલકમુન્ડ ને પ્રાર્થના માટે બચાવી લેવામાં આવ્યું છે.અને તે ખુબજ પ્રસિધ્ધ બન્યું છે.આ ચર્ચ એવોર્ડ માટે કતારમાં ઉભું છે.એવોર્ડ માટે બીજા કેટલાંક ચર્ચો લાઇનમાં છે તેમાં સલ્ટેઅર યુનાઈટેડ રીફોર્મ ચર્ચ,બ્રેડફોર્ડ,સેટં એન્ડુસ ચર્ચ,ઈપોવર્થ,અને સેંટ જેમ્સ ધ ગ્રેટર,મીલટોન મોવબ્રે.

સેલટેયર યુનાઈટેડ રીફોર્મ ચર્ચ, લીસ્ટમાં એ ગ્રેડ બીલ્ડીંગમાં આવે છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨

**શાલેમ મેરેજ બ્યુરો**
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-
**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૯૮૬૫. ૯૭૧૪૫૧૯૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.